ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
# નવસારી-વલસાડ-વાપી



## રાજકોટમાં 50 ગુનામાં સંડોવાયેલો ઈસમ વાપીથી ઝડપાયો

**ડેન્જર** પર્સન તરીકેની છાપ ધરાવતો ઇસમ 6 વખત પાસામાં પણ જઈ આવ્યો છે

વાપી : રાજકોટ પોલીસ સ્ટેશનના 50 ગુનામાં સંડોવાયેલો તથા ડેન્જર પર્સન તરીકેની છાપ ધરાવતા ઈસમને વાપી ટાઉન પોલીસે ઝડપી પાડ્યો હતો.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરનરાજ વાઘેલા તથા વાપી નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવે દ્વારા આપેલી સૂચના-માર્ગદર્શન હેઠળ વાપી ટાઉન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે, રાજકોટ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અનુસૂચિત જાતિ અને અનુ.જન જાતિ પ્રતિબંધ અધિનિયમ કલમ મુજબના ગુનાનો વોન્ટેડ અને રાજકોટ શહેરના એ અને બી ડિવિઝન પોલીસ સ્ટેશનના 50 ગુનામાં સંડોવાયેલો તથા ડેન્જર પર્સન તરીકેની છાપ ધરાવતો અને 6 વખત પાસામાં જઈ આવેલો ઈસમ ઈબ્રાહિમ ઉર્ફે ઉભલો કરીમ કથરોટીયા (ઉ.આ.35, રહે. જૂનો મોરબી રોડ, ગણેશનગર શેરી, રાજકોટ)ને વાપીથી અટક કરી રાજકોટ શહેર પોલીસ સ્ટેશનને જાણ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## નહેરનું પાણી માર્ગ અને લોકોના ઘરમાં ફરી વળ્યું

**લોકો** એકઠો કરેલો કચરો નહેરમાં ફેંકતા

**કચરાને** કારણે પાણીનું વહેણ અટકી જાય છે અને આ પાણી માર્ગ ઉપર તથા આસપાસના ઘરોમાં ફરી વળે છે



વાપી : વાપી નજીકના છીરીગામ વડિયાવાડ વિસ્તારમાંથી પસાર થતી નહેરમાં ગંદકી એટલી હદે વધી ગઈ છે કે સિંચાઈ માટે પાણી છોડવામાં આવતા તે પાણી ગંદકીને લઈ પસાર થઈ શકતું નથી અને આ પાણી માર્ગ અને આસપાસના ઘરોમાં ફરી વળતા સ્થાનિકો, ગ્રામજનો સહિત રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન બની ચૂક્યા છે. નહેર વિભાગ દ્વારા ખેડૂતોને સમયસર સિંચાઈ માટેનો પાણીપુરવઠો મળી રહે તે હેતુથી વાપી નજીકના છીરી ગામ વિસ્તારમાં નહેર બનાવવામાં આવી છે. વાપી નજીકના છીરી અને કોચરવા ગામના બોર્ડર પર આવેલા વડિયાવાડ વિસ્તારમાં અનેક નાના-મોટા ઘરો, ચાલી, દુકાનો તથા કંપનીઓ પણ આવેલી છે. આ વિસ્તારમાંથી પસાર થતી નહેરમાં લોકો જ્યાં-ત્યાં કચરો ફેંકવાને લઈ ગંદકી ફેલાય છે અને કચરાના ઢગલાઓને કારણે અસહ્ય દુર્ગંધ આવે છે.

નહેર વિભાગ દ્વારા સમયસર નહેરની સાફસફાઈ કરવામાં આવી રહી છે તેમ છતાં કેટલાક લોકો એકઠો કરેલો કચરો ખુલ્લી અને નાનકડી નહેરમાં ફેંકી જાય છે. અને જ્યારે પાણી છોડવામાં આવે ત્યારે આ ખુલ્લામાં ફેંકાયેલો કચરો પાણી સાથે તણાઈને આગળ આવે છે અને ક્યાંક નહેરના નાળા તથા કેટલીક ઝાડીઓમાં ફસાઈ જાય છે. વળી, નહેર માર્ગની સમાંતર હોય જ્યારે પણ પાણીનું પ્રમાણ વધે છે ત્યારે કચરાને લઈ પાણીનું વહેણ અટકી જાય છે અને આ પાણી માર્ગ ઉપર તથા આસપાસના ઘરો અને ચાલીઓમાં ફરી વળે છે.

વડિયાવાડ વિસ્તારમાં છેલ્લા પાંચેક દિવસથી નહેરનું પાણી માર્ગ તથા ઘર અને ચાલી વિસ્તારમાં ફરી વળતા સ્થાનિકો સહિત રાહદારીઓ અને વાહનચાલકો તોબા પોકારી રહ્યા છે. વળી પાણી ઉભરાવાને લઈ માર્ગ પણ ખરાબ થઈ ગયો છે.

## બીલીમોરામાં તસ્કરોએ ફરી હાજરી નોંધાવી, બંધ મકાનમાં હાથ ફેરો કરી ગયાં

**સપ્તાહથી** બીલીમોરામાં ચોરીની ઘટનાઓ વધતા પોલીસના પેટ્રોલિંગ સામે સવાલો ઉભા થયા

બીલીમોરા : બીલીમોરામાં ચોરીનો સિલસિલો યથાવત રહ્યો છે. જેમાં બીલીમોરા પૂર્વમાં આવેલા જવાહર એપાર્ટમેન્ટમાં રહેતાં અને નગરપાલિકાના સફાઈ કર્મચારી નરેશભાઈ નરસિંહભાઈ ટીમાનિયા બે દિવસથી ઘર બંધ કરીને સુરત સાયણ ખાતે સામાજિક કામ અર્થે ગયાં હતાં, અને શુક્રવારે રાત્રે ઘરે પરત આવ્યા હતા. જ્યાં તેઓએ તેમના ઘરનો દરવાજો ખુલ્લો જોયો હતો. ઘરમાં પ્રવેશી જોયું તો તેમના ઘરના કબાટનો બધો સામાન અસ્તવ્યસ્ત હાલતમાં હતો. તપાસ કરતાં ઘરેથી ચાંદીની મૂર્તિ અને રૂપિયા 1500 ના ચલણી સિક્કા ચોરી થયાં હોવાનું જણાયુ હતું. આ ઘટનાની જાણ તેમણે બીલીમોરા પોલીસમા કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. આ અંગે નરેશભાઈની પોલીસે અરજી લીધી છે, જેના આધારે બીલીમોરા પોલીસે તપાસ હાથ ધરી છે. છેલ્લા એક સપ્તાહથી બીલીમોરામાં ચોરીની ઘટનાઓ વધી ગઈ છે. જેમાં ત્રણ દિવસ અગાઉ એકજ રાતમા ત્રણ અને તે પહેલા એક મળી ચાર મોપેડની ચોરી થઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### નવસારીમાં પત્નીને લેવા જતા યુવાનનું ચક્કર આવી પડી જતાં મોત

નવસારી : નવસારીમાં પત્નીને લેવા જતા યુવાનનું ચક્કર આવી પડી જતા મોત નીપજ્યાુ હતુ. રુસ્તમવાડી શિવમંદિર પાસે મુકેશભાઇ રાઠોડ પરિવાર સાથે રહેતા હતા. ગત 25મીએ સવારે મુકેશભાઈ તેમની બાઈક લઈને નવસારી જુના ડેપો ખાતે પત્નીને લેવા માટે જતા હતા. ત્યારે નવસારી ડેપો પાસે આવતા મુકેશભાઈને અચાનક ચક્કર આવી જતા તેઓ પડી ગયા હતા. જેથી લોકોએ તેમને 108 એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે તેમને ચકાસીને મૃત જાહેર કર્યા હતા.

### ખેરગામના ચકચારી દુષ્પ્રેરણા પ્રકરણમાં ડૉ.નીરવ પટેલનાં રિમાન્ડ નામંજૂર

ખેરગામ : ખેરગામ તાલુકાના આછવણી ગામના મંગુ ભડાકીયાને સાડા છ મહિના અગાઉ કાર વડે કચડી મારવાનો પ્રયાસ કર્યો હોવાના આક્ષેપ સાથે નવસારી જિલ્લા આદિવાસી સમાજના પ્રમુખ ડો.નિરવ પટેલ સહિત આદિવાસી સમાજના લોકો પાણીખડક સર્કલ પર રાત્રે ભેગા થઈ અને મંગુભાઈને ન્યાય અપાવવાની માંગ કરી હતી. આ ઘટનામાં મંગુભાઇએ પોલીસને ફરિયાદ આપી તત્કાલ ધોરણે કાર ચાલક કાંતિ પટેલને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહીની માંગ કરી હતી. આ ઘટના બાદ કાર ચાલક કાંતિ લાલજી પટેલ (ઉ.વ.43 રહે. આછવણી હટી ફળિયા)એ ઝેરી દવા પી લેતા બીજા જ દિવસે રાત્રે તેનું મોત નીપજ્યું હતું. આ મામલે મરનારના ભાઈ શૈલેષ લાલજી પટેલે તેના મોટાભાઈ કાન્તીલાલને સમાજમાં તથા ગામમાં ખોટી રીતે બદનામ કરતા તેને ત્રાસ લાગતા તેણે ઝેરી દવા પી જઇ આત્મહત્યા કરી હોવાના આક્ષેપ સાથે મંગુ ભડકીયા તથા તેના બે ભાઈઓ અને ખેરગામના ડો.નઇરવ પટેલ વિરુદ્ધ પોલીસને દુષ્પ્રેરણાની ફરિયાદ આપી હતી. જેમાં મંગુ ભડકીયા તથા તેના બે ભાઈની થોડા દિવસો પૂર્વે પોલીસે અટક કરી તેમને કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યારે લગભગ સાડા છ મહિના બાદ ડો.નિરવ પટેલ ગુરુવારે ખેરગામ કોર્ટ સમક્ષ હાજર થયા હતા. શુક્રવારે ડો.નિરવ પટેલને કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. જ્યાં પોલીસ તથા સરકારી વકીલ દ્વારા તેમને પાંચ દિવસ રીમાન્ડની માંગ કરવામાં આવી હતી.

### સંજાણ નજીકના તુંબ ગામની કંપનીમાં મશીનમાં આવી જતાં કામદારનું મોત

ઉમરગામ: ઉમરગામના તુંબ ગામમાં કાર્યરત કંપનીમાં કામ કરતો એક કામદાર મશીન ચેક કરી રહ્યો હતો, તે દરમિયાન અચાનક મશીન ચાલુ થઈ જતાં, તે મશીનમાં આવી જતાં તેનું કરુણ મોત નીપજ્યું હતું. પોલીસ સુત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામ તાલુકાના સંજાણ નજીકના તુંબ ગામે વારી એનર્જીસ લી. નામની કંપનીમાં રાત્રે કામદાર અમરીશ રમેશ યાદવ (ઉમર વર્ષ 23 હાલ રહે તુંબ ધીમસા કાંકરીયા મૂળ રહે યુપી), મશીન ચેક કરી રહ્યો હતો. તે વખતે અચાનક મશીન ચાલુ થઈ જતા તે મશીનમાં આવી ગયો હતો. ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે વાપીની રેમ્બો હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવની ઉમરગામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે હાલમાં અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રેમલગ્નના 4 માસમાં જ 23 વર્ષની પરિણીતાએ જીવન ટૂંકાવતા ચકચાર

**વલસાડ** મોગરાવાડીની યુવા પરણિતાએ ફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું

**લગ્નના** ટુંકા ગાળામાં જ પતિ સાથે ધંધા રોજગાર અંગે ઝગડો થતા માઠું લાગી આવતા આપઘાત કર્યો

### પતિ વિરૂદ્ધ દુષ્પ્રેરણનો ગુનો દાખલ થશે

પ્રિતીએ પ્રેમ લગ્નના 4 માસના ટુંકા ગાળામાં જ આત્મહત્યા કરી હતી. ત્યારે લગ્નના આટલા ટુંકા ગાળમાં આ સંજોગોમાં પરિણીતાના મોતની ઘટના શંકા ઉપજાવનારી હોય છે. આવા કેસમાં પોલીસ દ્વારા આત્મહત્યાના દુષ્પ્રેરણનો જ ગુનો દાખલ થતો હોય છે. ત્યારે આ બનાવમાં ગુરુવારે મોડી સાંજે પોલીસે તેના પતિ સતિષ વિરૂદ્ધ આત્મહત્યાના દુષ્પ્રેરણનો ગુનો દાખલ કરવાની કવાયત હાથ ધરી છે.

વલસાડ : વલસાડના મોગરાવાડીમાં રહેતી એક 23 વર્ષની પરિણીતાએ પ્રેમ લગ્નના 4 માસમાં જ ગળે ફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું હતુ. યુવા પરિણીતાના આ બીજા લગ્ન હતા. જ્યારે તેના પતિના પણ આ બીજા લગ્ન હતા. લગ્નના ટુંકા ગાળામાં જ પતિના ધંધા રોજગાર અંગે ઝગડો થયો અને માઠું લાગી આવતા પરિણીતાએ ગળે ફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું હતુ.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ મોગરાવાડી હિરા ફેક્ટરી નજીક આશા મૂર્તિ પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા સતિષ જયસુખભાઇ રાઠોડ (ઉ.વ.43)એ પ્રિતિ મનોજ આહીરે (ઉ.વ.23) સાથે 4 માસ અગાઉ લવ મેરેજ કર્યા હતા. સતિષના આ બીજા લગ્ન હતા. જ્યારે પ્રિતિના પણ આ બીજા લગ્ન હતા. બંનેના આ બીજા લગ્ન હતા. લગ્ન બાદ બંને વચ્ચે અવાર-નવાર નાની મોટી બાબતે લડાઇ ઝગડો થતો હતો. આ અંગે પ્રિતિએ તેણીના માતાને પણ જણાવી હતી, પરંતુ તેણીના માતા પિતા કોઇ ખાસ રિપ્લાય આપતા ન હતા. પ્રિતિના પરિવારજનો તેણીના બીજા લગ્નથી ખુશ ન હોવાનું પ્રાથમિક તબક્કે જણાયું હતુ. ગત રોજ તેનો પતિ સતિષ ડ્રાઇવિંગ પર ગયો હતો, ત્યારે પ્રિતિ એ પોતાના ઘરે પંખા પર દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઇ જીવન ટુંકાવ્યું હતુ. જેના પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઇ હતી. ત્યારે આ બનાવ સંદર્ભે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## વલસાડ જિલ્લાની 32 ચેકપોસ્ટ પરથી પ્રોહિ.નાં 2.94 કરોડના મુદ્દામાલ સાથે 2591 ઈસમ પકડાયા

**લોકસભાની** ચૂંટણીના પગલે કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસનું ફ્રૂટ પેટ્રોલિંગ, ફ્લેગ માર્ચ

**વલસાડ** પોલીસે 324 બુટલેગરો, 37 હિસ્ટ્રીશીટર, 29 ગુનેગાર સહિત 7275 આરોપી વિરૂદ્ધ અટકાયતી પગલા લીધા

વાપી : લોકસભાની ચૂંટણીના અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે વલસાડ પોલીસ દ્વારા 324 પ્રોહિ.બુટલેગરો, 37 હિસ્ટ્રી શીટર, 29 સક્રિય ગુનેગાર, 29 એનડીપીએસ આરોપી, 46 મિલકત સંબંધી આરોપી સહિત કુલ 7275 આરોપી વિરૂદ્ધ અટકાયતી પગલા લેવામાં આવ્યા હતાં. 17 આરોપી વિરૂદ્ધ તડીપાર તથા 14 આરોપી વિરૂદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આ હતી. 1500 પ્રોહિ.93 ના આરોપી જામીન મેળવ્યા બાદ પ્રોહિ.પ્રવૃતિ કરતા જણાતા તેઓના જામીન રદ કરાવવા 104 આરોપી વિરૂદ્ધ સીઆરપીસી 122 ની કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ 1 ના જામીન રદ કરી જેલ હવાલે કર્યો હતો.

જિલ્લામાં 2580 પ્રોહિ.કેસોમાં દારૂ સહિત 2,94,52,751ના મુદ્દામાલ સાથે 2591 આરોપીઓની અટક કરવામાં આવી છે. મહારાષ્ટ્ર, દમણ અને સેલવાસથી થતી દારૂની હેરાફેરી ઉપર નિયંત્રણ માટે 32 ચેકપોસ્ટ કાર્યરત છે. ડ્રિંક એન્ડ ડ્રાઈવના 208, પ્રોહિ.793 કેસ કરવામાં આવેલા છે તથા 25 વાહનો ડીટેઈન કરવામાં આવેલા છે. પારડી પો.ટે. વિસ્તારમાંથી એસઓજી દ્વારા 307 ગ્રામ ગાંજા સહિત 8070 નો મુદ્દામાલ કબજે કર્યો છે. છેલ્લા એક માસના ટૂંકા ગાળામાં વલસાડ જિલ્લાના ભાગતા-ફરતા 87 આરોપી તથા અન્ય જિલ્લા અને રાજ્યના 10 આરોપી મળી કુલ 97 આરોપીઓ પકડી પાડવામાં આવ્યા છે. જે પૈકી 20 વર્ષથી ભાગતા-ફરતાઓ પણ પકડાયા છે. જિલ્લાના પેરોલ જમ્પ કરેલા 2 ચોરીના આરોપી તથા સુરત જિલ્લાના કુલ 22 ગુનામાં સંડોવાયેલા તેમજ 4 ગુનામાં સજા પામેલાનો 1 તથા 1 પાલઘર મહારાષ્ટ્રનો મર્ડરનો પોલીસ જાપ્તામાંથી ફરાર અરોપી પકડાયો છે. ઉપરાંત 1 આરોપી મૃત્યુ પામ્યાનું જણાતા ડેથ સર્ટી. મેળવ્યુ છે. જિલ્લાને કુલ 5 કંપની સીએપીએફ તથા 2 સેક્શન એસઆરપી ફાળવવામાં આવી છે. જેઓ દ્વારા આંતર રાજ્ય ચેકપોસ્ટ, એરીયા ડોમિનેશન, ફ્રૂટ પેટ્રોલિંગ, ફ્લેગ માર્ચની કાર્યવાહી કરવામાં આવશે.

## વાપીના ગુંજનમાં માર્કેટીંગ કરનાર યુવકનો આપઘાત

વાપી : વાપી જીઆઈડીસીના ગુંજનના અક્ષર પ્લાઝા એપાર્ટમેન્ટમાં રાજ નારાયણ પાટીલ રહે છે અને તેઓ વાપીમાં આવેલા હીના આર્કેડમાંથી પ્રોડક્ટ લઈ માર્કેટીંગ કરવા માટે જાય છે. તેઓ રાબેતા મુજબ માર્કેટીંગ માટે ગયા હતા અને રૂમ પર આવ્યા હતાં. જે બાદ કોઈપણ સમયે કોઈક અગમ્ય કારણોસર રૂમમાં પંખા સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગેની જાણ નરેન્દ્ર પટેલે વાપી પોલીસ મથકમાં કરી હતી.

### ગરમીથી રાહત મેળવવા યુવાનોની નહેર-નદી-તળાવમાં છલાંગ



વાપી : ગરમીથી મનુષ્ય તો શું પશુ-પંખીઓ પણ પરેશાન બની ચૂક્યા છે. ગરમીથી બચવા માટે લોકો પંખા-એસી કૂલર તથા કામાર્થે જનારાઓ રાહદારીઓ છત્રીનો ઉપયોગ કરી રહ્યા છે. વળી ગરમીથી રાહત મેળવવા માટે કેટલાક લોકો નહેર-નદી-તળાવના પાણીમાં ન્હાવાની મઝા લેતા હોય છે. આ પાણીમાં કેટલાક નાના-મોટા લોકો સ્નાન કરવાની મઝા લઈ રહ્યા છે.

## બોગસ લોન કૌભાંડમાં સંડોવાયેલા ડિલરના આગોતરા જામીન નામંજૂર

**પારડીના** એમ. કે. મોટર્સના ડિલરોએ નાગરીકોના ડોક્યુમેન્ટ લઇ તેમના નામે લોન કરાવી રકમ ચાંઉ કરી ગયા હતા

વલસાડ : પારડીમાં ઈ-બાઈકના શો રૂમના ડિલર મિતેશ રોહિતે બજાજ કંપનીના એફઓએસ(કર્મચારી) પ્રતિક પટેલ સાથે મળી 43 ગ્રાહકોના ડોક્યુમેન્ટના આધારે બજાજ ફાઈનાન્સની રૂપિયા 18.91 લાખની લોન કરી હતી. આ સિવાય તેણે 4 ગ્રાહકોના બાઈક સાથે ફોટો પાડી તેમને બાઈક નહી આપી છેતરપિંડી કરી હતી. જેના પગલે પારડી પોલીસ મથકે ફરિયાદ કરી હતી. આ કેસમાં પોલીસ ધરપકડથી બચવા મિતેશ રોહિતે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજી જજે નામંજૂર કરી છે.

## વાપીની કંપનીના ગોડાઉનમાંથી તાંબા, ટ્યુબની ચોરીમાં સંડોવાયેલા ત્રણ ઝડપાયા

**ચોરીની** રીક્ષામાં જ ચોરીનો સામાન વેચવા નીકળેલા શખ્સો રૂપિયા 4,06,250નો મુદ્દામાલ સાથે ઝડપાઇ ગયા



### પોલીસે બે ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો

વાપી પોલીસે બાઈક અને રીક્ષાને અટકાવી સવારો (1) મનિષ હળપતિ (ઉ.23, રહે. ગીતાનગર) (2) મનિષકુમાર (રહે. ડુંગરા-) અને (3) સલમાન સૈફી (રહે. ડુંગરા) ને ઝડપી પૂછતાછ કરતા તેઓએ વાપી ટાંકી ફળિયાથી રીક્ષા ચોરી હતી અને વાપી જીઆઈડીસી ફોર્થ ફેઝમાં આવેલી કંપનીના ગોડાઉનમાંથી તાંબાની કોઈલ ટ્યુબ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. તેઓ ચોરીની રીક્ષામાં જ ચોરી કરેલો સામાન વેચવા જતા ઝડપાઇ ગયા હતા.

વાપી : વાપીની કંપનીના ગોડાઉનમાંથી તસ્કરો રૂપિયા 2.93 લાખની તાંબાની કોઈલ ટ્યુબ ચોરી ગયા હતાં. આ ચોરીમાં સંડોવાયેલા 3 ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા. વાપી સેલવાસ રોડ, ડુંગરાની ચાલીમાં રહેતા મંગલસિંહ સોલંકી (ઉ.આ.37)ની જીઆઈડીસી ફોર્થ ફેઝમાં જય શક્તિ ટ્યુબ્સ નામની કંપની આવેલી છે. જેમાં તાંબુ તથા પિત્તળ લાવી જોબવર્ક કરે છે. ગત તારીખ 22 એપ્રિલના રોજ કંપનીમાં કામ કરનારા ચારેક વર્કરો સૂતેલા હતાં. બીજે દિવસે સવારે કામદારો જાગ્યા ત્યારે કંપનીના ગેટનું તાળુ તૂટેલું હતું અને ગોડાઉનમાં તપાસ કરતા 345 કિલો વજનવાળી તાંબાની કોઈલ ટ્યુબ ચોરી થઈ હતી. કંપનીમાં લગાવેલા સીસીટીવી ફૂટેજ જોતા રાત્રીના દોઢેક વાગ્યાની આસપાસ ચાર ઈસમો નજરે પડ્યા હતા જેમાં બે ઈસમો બહાર બેસી રેકી કરતા હતા અને બે ઈસમો ગોડાઉનમાં પ્રવેશતા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ મંગલસિંહ સોલંકીએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં નોંધાવી હતી.

Central Bank of India
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया

રીજીયોનલ ઓફિસ : પહેલો માળ, નરીમાબાદ, અહુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧, ફોન : ૦૨૬૧ - ૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

**ઈ-હરાજી થી વેચાણ નોટીસ**
(સરફેસી એક્ટ - ૨૦૦૨ હેઠળ)
પરિશિષ્ટ - ૪(એ) (નિયમ ૮(૬) જુઓ)

**તા. ૧૫.૦૫.૨૦૨૪ ના રોજ**
**સ્થાવર મિલકતની વેચાણ થી વેચાણ નોટીસ**

ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ - ૨૦૦૨ સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો - ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતોનું ઈ - હરાજીથી વેચાણની નોટીસ નોટીસ આમ સામાન્ય રીતે જાહેર જનતાને આપવામાં આવે છે કે અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) / જામીનદારો (ઓ) ને આપેલ છે, નીચે જણાવેલ સ્થાવર મિલકતો, સુરક્ષિત ક્રેડીટ ધારક બંધારણીય / ચાર્જ કરાઈ છે. તેના પર પ્રત્યક્ષ કબજો લેવામાં આવે છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના અધિકૃત અધિકારીએ બેંકના બાકી રકમની વસુલાત માટે તા. ૧૫.૦૫.૨૦૨૪ ના રોજ "જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "ત્યાં જે છે ત્યાં" ધોરણે અને ઓનલાઈન વેબપાર્ટલ હેઠળ : https://mstcecommerce.com / auctionhome/ibapi/index.jsp વેચવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડી અને અન્ય વિગતો નીચે જણાવેલ કોષ્ટકમાં આપેલ છે. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે સિક્યોર્ડ ક્રેડીટરએ કૃપા કરીને અમારી વેબસાઈટ : www.centralbankofindia.co.in થી માહીતી મેળવી શકશો.

**નીચે જણાવેલ સ્થાવર મિલકતોની વિગત**

| ક્રમ નં. | કરજદાર/જામીનદાર/ અને શાખાનું નામ | ડીમાન્ડ નોટીસ ની રકમ અને તારીખ | સ્થાવર મિલકતોનું વિગતો | તારીખ અને પઝેશનનો પ્રકાર | અનામત કિંમત રૂા./ ઈએમડી રૂા./ બીડ ગુણાંકમાં રૂા. | અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧. | શાંતારામ શેનપડુ મહાજન (ઉધારકર્તા) અને યોગેશ મધુકર શેવાલે (જામીનદાર) (સગરામપુરા શાખા) | રૂા. ૧૦,૦૮,૩૦૪/- તા. ૨૬.૦૪.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | તમામ ભાગ અને હિસ્સા સાથેની સ્થાવર મિલકતનો પ્લોટ નં. ૫૫, ક્ષેત્રફળ ૪૬.૯૬ સ્કે. યાર્ડ., કે.જે.પી. મુજબનો બ્લોક નં. ૩/૫૫, ક્ષેત્રફળ ૩૯.૦૧ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેના રોડ અને સીઓપીનું ક્ષેત્રફળ ૨૫.૯૮ સ્કે.મી., "આરાધના લેક ટાઉન વિભાગ - ૨", જે સ્થિત જમીનનો બ્લોક નં. ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૯ અને ૩૬૨, સંયુકત નવો બ્લોક નં. ૩, ક્ષેત્રફળ ૫૩૯૮૮ સ્કે.મી., ગામ - જોળવા, તાલુકો - પલસાણા, જીલ્લો - સુરત. મોર્ગેજ ડીડ નં. ૭૨૨૧, તા. ૩૦.૦૬.૨૦૧૫. ચતુઃસીમા :- પૂર્વે : પ્લોટ નં. ૭૪, પશ્ચિમે : સોસાયટીનો આંતરીક રોડ, ઉત્તરે : પ્લોટ નં. ૫૬, દક્ષિણે : પ્લોટ નં. ૫૪. | ૦૯.૦૯.૨૦૨૧ પ્રત્યક્ષ કબજો | રૂા. ૭,૦૦,૦૦૦/- / રૂા. ૭૦,૦૦૦/- / રૂા. ૧૦,૦૦૦/- | શ્રી અખિલેશ અગ્રવાલ ચીફ મેનેજર, સગરામપુરા શાખા (મો) : ૭૫૬૭૮૮૩૮૮૦ |
| ૨. | શ્રી અશોકભાઈ ગોવિંદભાઈ રાજાણી (સરથાણા શાખા) | રૂા. ૧૩,૫૩,૬૩૭/- તા. ૦૧.૦૬.૨૦૨૧ થી ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે | રહેણાંક ગાલા પ્રકાર મિલકત મોજે - ઉમરા, બ્લોક નં. ૧૬૨, મારૂતિધામ સોસાયટી, પ્લોટ નં. ૧૧૦, મોમાઈ રેસીડેન્સી ની બાજુમાં, ધર્મભકિત બંગ્લોઝની સામે, ઉમરા ગામ રોડ, ઉમરા - ૩૯૪૧૩૦, તાલુકો - ઓલપાડ, જીલ્લો - સુરત. | ૨૭.૦૩.૨૦૨૩ પ્રત્યક્ષ કબજો | રૂા. ૮,૫૫,૦૦૦/- / રૂા. ૮૫,૫૦૦/- / રૂા. ૧૦,૦૦૦/- | શ્રી ગુંજન ગઢાણી ચીફ મેનેજર, રીજનલ ઓફિસ, સુરત (મો) : ૮૨૩૯૪૫૨૫૪૮ |

**નિરીક્ષણની તારીખ અને સમય : તા. ૦૯.૦૫.૨૦૨૪, બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ કલાકે**
**ઈ - હરાજીની તારીખ અને સમય : તા. ૧૫.૦૫.૨૦૨૪, બપોરે ૧૨.૦૦ થી ૬.૦૦ કલાકે (બંધ કરતા પહેલા ૧૦ મિનિટનું ઓટો એક્ટેન્શન સાથે)**

- મિલકત પરના કરભાણની બેંકને ખબર હોય તેલી વિગત : ખબર નથી.
- ઈ - હરાજી વેચાણમાં ભાગ લેવા માટે, ઈચ્છુક બીડરોએ પોતાની વિગતો સર્વિસ પ્રોવાઈડર : https://mstcecommerce.com / auctionhome/ibapi/index.jsp ને વહેલી તકે રજીસ્ટ કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી લેવા. બીડરો https://mstcecommerce.com / auctionhome/ibapi/index.jsp ની મુલાકાત લે જયાં બીડરો માટે શૈક્ષણિક વિડીયો સાથે ગાઈડલાઈન્સ ઉપલબ્ધ છે. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે મહેરબાની કરીને બેંકની વેબસાઈટ : www.centralbankofindia.co.in પર આવેલ લિંક જુઓ.
- પ્રસ્તાવકારે KYC ડોકયુમેન્ટ અપલોડ કરવા અને તેના પછી KYC ડોકયુમેન્ટ ચકાસણી માટે અમારા સર્વિસ પ્રોવાઈડર : https://mstcecommerce.com / auctionhome/ibapi/index.jsp પર રજીસ્ટર્ડ થવું પડશે અને ઈએમડી NEFT ટ્રાન્સફર દ્વારા ગ્લોબલ ઈએમડી વાલેટ અંગે જમા કરાવવામાં આવશે. (ચલણ જનરેટ થયા પછી અમારી વેબસાઈટ : https://mstcecommerce.com / auctionhome/ibapi/index.jsp જુઓ)
- **વધુ જાણકારી માટે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજીનલ ઓફિસ, સુરત, શ્રી ગુંજન ગઢાણી (ચીફ મેનેજર), (મો) : +૯૧ ૮૨૩૯૪૫૨૫૪૮ અને શ્રી સંજય કુમાર (સિનીયર મેનેજર) (મો) : +૯૧ - ૯૬૮૭૬૯૦૦૬૦ નો સંપર્ક કરી શકશો.**
- વેચાણની શરતો અને નિયમો સિક્યોરીટી ઈન્ટરેસ્ટ નિયમો (એન્ફોર્સમેન્ટ), નિયમો - ૨૦૦૨ ની જોગવાઈઓ મુજબની જ રહેશે.

**સરફેસી કાયદા ૮(૬), ૨૦૦૨ અંતર્ગત ૧૫ દિવસની નોટીસ**
સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસૂલાત તરફથી સ્થાવર મિલકતોના વેચાણ માટે ઉધારકર્તા / જામીનદારો / ગિરવેદારોને સૂચિત કરવામાં આવે છે.

તારીખ : ૨૬.૦૪.૨૦૨૪
સ્થળ : સુરત

સહી/-,
અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા